For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ધંધાદારી ગરબામાં સતત બીજા દિવસે વિવાદ । પાસ બાબતે થઈ બોલાચાલી

યુનાઈટેડ વેના હેલ્પ ડેસ્ક પર ખેલૈયા અને સંચાલકો વચ્ચે ભારે તું-તું મેં-મેં

પાસના નામે ઉઘાડી લૂંટ, મેનેજમેન્ટની વ્યવસ્થા સામે સવાલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા શહેરમાં પ્રથમ નોરતે જ સૌથી મોટા ગણાતા યુનાઈટેડ વે ગરબા મહોત્સવમાં વિવાદ સામે આવ્યો છે. યુનાઈટેડ વે મેનેજમેન્ટની ગંભીર બેદરકારીને કારણે ખેલૈયાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગઈકાલે પ્રથમ નોરતે ગરબા રમવા આવેલા 20 થી વધુ ખેલૈયાઓના મોબાઈલ ફોન ચોરી થયાની ઘટના બની હતી. આશ્ચર્યની વાત એ છે કે, યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડમાં સિક્યુરિટીનો ફૂલ સ્ટાફ હાજર હોવા છતાં આટલી મોટી સંખ્યામાં મોબાઈલ ફોન ચોરી થતા સુરક્ષા વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા થયા છે. આ ઘટના બાદ પીડિત ખેલૈયાઓએ અટલાદરા પોલીસમાં ફરિયાદ કરવા જતા પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા હતા. ફરિયાદ લેવામાં વિલંબ થતા ખેલૈયાઓ અને પોલીસ વચ્ચે શાબ્દિક ટપાટપી પણ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. પ્રથમ નોરતે જ આવી ઘટના બનતા ખેલૈયાઓમાં ભયનો માહોલ છે અને યુનાઈટેડ વેના મેનેજમેન્ટ દ્વારા સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. વડોદરા શહેરના યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડ બહાર આવેલા હેલ્પ ડેસ્ક પર ખેલૈયાઓ અને સંચાલકો વચ્ચે તું-તું મેં-મેંના દ્રશ્યો સર્જાયા હતા. પાસ બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ, પાસને લગતી કોઈ બાબતને લઈને ખેલૈયા અને હેલ્પ ડેસ્કનું સંચાલન કરતા કર્મચારીઓ વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી.

યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડના પાર્કિંગમાં ધૂળનું સામ્રાજ્ય

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરાના ધંધાદારી યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડ ખાતે ધૂળની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. પાર્કિંગ વિસ્તારમાં ઉડતી ધૂળને કારણે ખેલૈયાઓને માસ્ક પહેરવું ફરજિયાત બન્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એક ગરબા ખેલૈયાએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, પાર્કિંગમાંથી બાઈક લઈને નીકળતા ખેલૈયાઓ ધૂળના ગોટેગોટામાંથી પસાર થઈ રહ્યા છે. વીડિયો પર "Uway parking: where masks become a necessity લખીને ખેલૈયાઓએ તંત્રની પોલ ખોલી



છે. રાત્રિના સમયે લાઈટના અજવાળામાં પણ ધૂળના રજકણો હવામાં ઉડતા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. પ્રથમ નોરતેથી જ મોબાઈલ ચોરી અને હવે પાર્કિંગમાં ધૂળની સમસ્યાને કારણે યુનાઈટેડ વેના મેનેજમેન્ટ સામે અનેક સવાલો ઉભા થયા છે. હજારો ખેલૈયાઓ દરરોજ ગરબા રમવા આવે છે, ત્યારે પાર્કિંગમાં પાણીનો છંટકાવ કે ધૂળ નિયંત્રણ માટે કોઈ વ્યવસ્થા ન કરાતા ખેલૈયાઓને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ આને Uway's unofficial mask mandate કહીને ટ્રોલ કરી રહ્યા છે અને મેનેજમેન્ટે તાત્કાલિક પાર્કિંગમાં પાણી છાંટવાની અને વ્યવસ્થા સુધારવાની માંગ કરી રહ્યા છે.

ધંધાદારી યુનાઈટેડ વે દ્વારા 'લવ જેહાદ'ને પ્રોત્સાહન?

વડોદરાના વૈભવી મનાતા ગરબા મહોત્સવ યુનાઈટેડ વેમાં દરવખતની જેમ આ વર્ષે પણ વિવાદ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને જ્યાં હિન્દુઓની મા, બહેન, દીકરીઓ ગરબે ઘુમવા જતી હોય ત્યાં વિધર્મીને રાખવામાં આવતા નવો વિવાદ સામે આવ્યો છે. યુનાઈટેડ વે ગરબાના પાર્કિંગમાં કેટલાક યુવકો શંકાસ્પદ જણાઈ આવતા બજરંગ દળે કાર્યવાહી કરી હતી. તપાસ કરતા પાર્કિંગમાં વ્યવસ્થાના બહાને રહેલા બેથી વધુ વિધર્મીઓ જણાઈ આવ્યા હતા. તાત્કાલિક આ અંગે પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી કરી હતી. જોકે, અંતે આ મામલો સમાધાન પર પહોંચ્યો હોવાનું સ્થાનિક પોલીસ દ્વારા જણાવાયું હતું. અગ્રે નોંધનીય છે કે, જ્યાં વૈભવી ગરબા મહોત્સવ ચાલતો હોય ત્યાં માલતુજારોને ક્માવવામાં રસ હોય છે. પાર્કિંગ માટે કોઈને ઇજારો સોંપ્યો હોવાથી તેણે વ્યવસ્થા માટે માણસો મુક્યા જોકે, તે હિન્દૂ નહિ વિધર્મી નીકળ્યા હતા. ત્યારે, આ મામલે કોઇ નક્કર કાર્યવાહી નહિ થતા અને સમાધાનની ભૂમિકા અપનાવાતા પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે.



કિંમતી વસ્તુઓની જવાબદારીમાંથી Uway સંચાલકોએ હાથ અધ્ધર કર્યા



ચુનાઇટેડ વે ગરબા મહોત્સવમાં પહેલા જ દિવસે અસંખ્ય મોબાઇલ ચોરીની ઘટના સામે આવી છે. ચોરીના કારણે ખેલૈયાઓએ મોંઘા પાસની સાથે 10 દિવસના ઈ-પાસ પણ ગુમાવવા પડ્યા છે. બીજી તરફ, મોંઘા પાસ વેચ્યા બાદ કિંમતી વસ્તુઓની જવાબદારીમાંથી Uway સંચાલકોએ હાથ અધ્ધર કરી દીધા છે. સોશિયલ મીડિયા પર સંચાલકો દ્વારા અમે કોઈ નુકસાન માટે જવાબદાર નથી તેવી જાહેરાત કરીને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરાયો છે, જેને લઈને ખેલૈયાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ દરમિયાન મામલો એટલો વધી ગયો કે બંને પક્ષો વચ્ચે જીભાજોડી થઈ હતી. આ સમગ્ર ઘટના સમયે પાછળ હાજર એક ખેલૈયાએ પોતાના મોબાઈલમાં આ દ્રશ્યો કેદ કરી લીધા હતા, જે હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઘટનાને લઈને ખેલૈયાઓમાં નારાજગી જોવા મળી રહી છે.

વડોદરા બુલેટ ટ્રેન વાયાડક્ટના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મળશે નવી ગતિ

બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં દિલ્હી-મુંબઈ રાજધાની મેઈન લાઈન પર ૧૪ પોર્ટલ બીમનું કામ પૂર્ણ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે વડોદરામાં એક મોટો પડાવ પાર કર્યો છે. દિલ્હી-મુંબઈ રાજધાની મેઈન લાઈનની ઉપર તમામ 14 પોર્ટલ બીમ્સ સફળતાપૂર્વક લગાવી દેવામાં આવ્યા છે. આ 14 પોર્ટલ બીમ્સનું કામ પૂર્ણ થવું માત્ર કન્સ્ટ્રક્શનની દૃષ્ટિએ જ મોટી ઉપલબ્ધિ નથી, પરંતુ વડોદરાના હાલના રેલવે નેટવર્ક સાથે બુલેટ ટ્રેન કોરિડોરને જોડવાની દિશામાં પણ આ એક મહત્વનું પગલું છે. ખાસ વાત એ છે કે આ કામ દેશના સૌથી વ્યસ્ત રેલવે રૂટ્સમાંથી એક પર કરવામાં આવ્યું છે. વડોદરામાં બુલેટ ટ્રેનનો આ ભાગ લગભગ 8.3 કિલોમીટર લાંબો છે. આ રૂટ ગીચ વસ્તી અને વ્યસ્ત રેલવે નેટવર્ક વચ્ચેથી પસાર થાય છે. અહીં બુલેટ ટ્રેન કોરિડોરને ભારતીય રેલવેની પાંચ લાઈનો ક્રોસ કરવી પડે છે, જેમાં બે મુખ્ય લાઈનોનો પણ સમાવેશ થાય છે. વડોદરાનો આ ભાગ ઘણો પડકારજનક છે, કારણ કે અહીંથી બુલેટ ટ્રેનનો રૂટ ચાલુ રેલવે ટ્રેક્સની ઉપરથી પસાર થાય છે. આ 14 પોર્ટલ બીમ્સ તૈયાર થઈ જવાથી હવે રાજધાની મેઈન લાઈનની ઉપર લગભગ 40 મીટર લાંબા કોમ્પોઝિટ ગર્ડર્સ લગાવી શકાશે. આ સાથે જ આ સંવેદનશીલ વિસ્તારમાંથી એલિવેટેડ બુલેટ ટ્રેન કોરિડોરને આગળ વધારવાનું એક મોટું



સ્ટ્રક્ચરલ કામ પૂર્ણ થયું છે. અહીં બુલેટ ટ્રેનનો ટ્રેક દિલ્હી-મુંબઈ રાજધાની મેઈન લાઈનને ત્રાંસો એટલે કે ડાયાગોનલી ક્રોસ કરે છે. તેથી પૂરતું ક્લિયરન્સ જળવાઈ રહે અને હાલની રેલવે સેવા કોઈપણ અડચણ વગર અને સુરક્ષિત રીતે ચાલુ રહે, તે માટે ખાસ પ્રકારના સ્ટ્રક્ચર્સની જરૂર હતી. આ પડકારોને ધ્યાનમાં રાખીને દિલ્હી-મુંબઈ રાજધાની મેઈન લાઈનની ઉપર 14 પોર્ટલ બીમ્સ બનાવવામાં આવ્યા છે. તેમાંથી 10 બીમ્સ સુરત તરફ, વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશન અને વિશ્વામિત્રી રેલવે સ્ટેશનની વચ્ચે છે. જ્યારે 4 બીમ્સ અમદાવાદ તરફ, વડોદરા રેલવે સ્ટેશન અને છાયાપુરી રેલવે સ્ટેશનની વચ્ચે બનાવવામાં આવ્યા છે.

એસીની સ્વીચ ઓન કરતા સાથે જ ધડાકો

હાથીખાના મહાવત ફળિયાના મકાનમાં બ્લાસ્ટ, એક જ પરિવારના ૫ સભ્યને ઈજા

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા શહેરમાં હાલ વધી રહેલા તાપમાન વચ્ચે ફાયર બ્રિગેડના ચોપડે આગજનીના બનાવો નોંધાઈ રહ્યા છે, ત્યારે સોમવારે નમતી સાંજે શહેરના અતિ ગીચ એવા ફતેપુરા હાથીખાના વિસ્તારમાં એક ગંભીર બ્લાસ્ટની ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો હતો. મળતી વિગતો મુજબ, હાથીખાના વિસ્તારમાં આવેલી બડી મસ્જિદ પાસે મહાવત ફળિયામાં એક રહેણાંક મકાનમાં અચાનક એસીના આઉટડોરમાં બ્લાસ્ટ થયો હતો અને તેની સાથે જ રસોડામાં રહેલો ગેસ સિલિન્ડર પણ ફાટતા ભીષણ આગ ફાટી નીકળી હતી. બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે તેનો અવાજ સાંભળીને આસપાસના લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે દોડી



આવ્યા હતા. આ દુર્ઘટનામાં મકાનમાં હાજર એક જ પરિવારના પાંચ સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જેમના નામ વસીમ મલેક ઉ.વ.28, તજિયા બેન મલેક ઉ.વ.23, મહેમુદાબેન મલેક ઉ.વ.45, શહેજાદ મલેક ઉ.વ.45 અને રૂબીના મલેક ઉ.વ.28 હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક લોકોની મદદથી તમામને તાત્કાલિક બહાર કાઢીને 108 મારફતે સયાજી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તબીબોના જણાવ્યા મુજબ સદનસીબે તમામની હાલત હાલ સ્થિર છે અને કોઈ મોટી જાનહાનિ થઈ નથી. શરીરના અલગ અલગ ભાગોમાં દઝાયા છે. ગેસ બોટલ ફાટવાને કારણે મકાનની દિવાલો અને છતને ભારે નુકસાન પહોંચ્યું છે. સાથે જ આસપાસના બે અન્ય મકાનોમાં પણ તિરાડો પડી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. બ્લાસ્ટ કેવી રીતે થયો તે તપાસનો વિષય છે. બીજી તરફ એસએસજી હોસ્પિટલના સુપરિટેન્ડન્ટ ડોક્ટર રંજન ઐયરે જણાવ્યું હતું કે, એલપીજી ગેસની લાઈન ફાટતા એક જ કુટુંબના પાંચ વ્યક્તિ દાઝી ગયેલ છે. આ કુટુંબ છેલ્લા ત્રણ દિવસથી ઘરની બહાર હતું. જેથી પાઈપલાઈન લીકેજ હશે તેની ખબર ન હોવાથી દરવાજો ખોલતા જ એસીની સ્વીચ પાડતા એકદમ આગ લાગતા પાંચ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયેલ છે. દરેક ઈજાગ્રસ્ત ને સારવાર અપાઈ ગઈ છે.

ગેરકાયદે બાંધકામની ફરિયાદ બાદ ટાઉન ડેવલપમેન્ટ શાખાની નોટિસ

એલ એન્ડ ટી સર્કલ પાસે 'અર્થ યુફોરિયા' અને 'અર્થ વન' ના બાંધકામ સામે મનપાની લાલઆંખ

૭ દિવસમાં પ્રોપર્ટી કાર્ડ, સનદ અને મંજૂર નકશા રજૂ કરવા આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરમાં કાયદાકીય મંજૂરીઓ વિના બેફામ ધમધમતા બાંધકામો સામે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહીનો સિલસિલો શરૂ કરવામાં આવ્યો છે. શહેરના અત્યંત પોશ અને વ્યસ્ત ગણાતા એવા એલ એન્ડ ટી સર્કલ પાસે હાલમાં પૂરજોશમાં ચાલી રહેલા 'અર્થ યુફોરિયા' અને 'અર્થ વન' નામના નિર્માણાધીન પ્રોજેક્ટ્સ મામલે વડોદરા મનપાની ટાઉન ડેવલપમેન્ટ શાખા દ્વારા ગેરકાયદે અથવા બિનપરવાનગી બાંધકામની ગંભીર ફરિયાદોના આધારે સત્તાવાર



નોટિસો ફટકારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એલ એન્ડ ટી સર્કલ પાસે આવેલા આ ભવ્ય નિર્માણાધીન પ્રોજેક્ટ્સ દ્વારા નિયમો વિરુદ્ધ જઈને બાંધકામ કરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદો ઉઠી હતી. આ ફરિયાદોને પગલે વડોદરા મનપાનું તંત્ર હરકતમાં આવ્યું હતું અને ટાઉન ડેવલપમેન્ટ શાખાના અધિકારીઓએ સ્થળની પ્રાથમિક તપાસ કર્યા બાદ બંને પ્રોજેક્ટ્સના માલિકો તેમજ કબજેદારોને નોટિસ પાઠવી છે. મનપા દ્વારા જારી કરવામાં આવેલી આ નોટિસમાં સંબંધિત માલિકો અને કબજેદારોને આગામી સાત દિવસની અંદર બાંધકામને લગતા તમામ જરૂરી આધાર-પુરાવા અને કાયદેસરના દસ્તાવેજો રજૂ કરવા માટે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. પાલિકા તંત્ર દ્વારા માંગવામાં આવેલા પુરાવાઓમાં મુખ્યત્વે પ્રોપર્ટી કાર્ડ, માલિકી હક્ક દર્શાવતી સનદ, સિટી સર્વેનો નકશો તેમજ સક્ષમ અધિકારી દ્વારા મંજૂર કરાયેલા બાંધકામના નકશાનો સમાવેશ થાય છે. મનપાના સૂત્રોના જણાવ્યા અનુસાર, જો નિર્માણાધીન પ્રોજેક્ટ્સના સંચાલકો કે માલિકો દ્વારા નિર્ધારિત સાત દિવસની સમયમર્યાદામાં આ તમામ કાયદેસરના પુરાવાઓ રજૂ કરવામાં નહીં આવે, તો તંત્ર દ્વારા કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

એટલું જ નહીં, જો સમયમર્યાદામાં સંતોષકારક દસ્તાવેજો રજૂ નહીં થાય, તો આ બિનપરવાનગી અને ગેરકાયદે બાંધકામને તોડી પાડવા સુધીની સખત પગલાં લેવાની પણ ચીમકી મનપા દ્વારા ઉચ્ચારવામાં આવી છે. આ કાર્યવાહીના પગલે શહેરના રિયલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્રે ભારે ચકચાર મચી ગઈ છે.

સયાજી હોસ્પિટલમાં સુપરવાઇઝરનું અકાળે અવસાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨

વડોદરાની સયાજી હોસ્પિટલમાં આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓની મનસ્વી અને અન્યાયી સેવામુક્તિના વિવાદ વચ્ચે એક અત્યંત કરૂણ અને ગંભીર ઘટના સામે આવી છે. હોસ્પિટલમાં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા ગૌરાંગ ઠાકોરને અચાનક નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા બાદ ભારે માનસિક તણાવ અને આઘાતમાં તેમનું હૃદયરોગના હુમલાથી અકાળે અવસાન થયું છે. આ ઘટનાને પગલે હોસ્પિટલના કર્મચારી વર્તુળોમાં ભારે શોક અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે. સાથી કર્મચારીના અચાનક અને આઘાતજનક અવસાનથી ભય અને રોષના વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગ કર્મચારીઓ સયાજી હોસ્પિટલની આર.એમ.ઓ. કચેરી ખાતે એકત્રિત થયા હતા.

પડતર પ્રશ્નો નહીં ઉકેલાતાં અચોક્કસ મુદતની હડતાળની ચીમકી ઉચ્ચારાઇ

દસ્તાવેજ રજિસ્ટ્રેશન કર્મીઓએ સરકાર સામે બાંયો ચડાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.12

રાજ્યના મહેસૂલી અને રજિસ્ટ્રેશન વિભાગમાં કર્મચારીઓના અસંતોષનો વિસ્ફોટ થયો છે. વકીલો અને મહેસૂલ વિભાગના કર્મચારીઓના વિરોધ પ્રદર્શન બાદ હવે વડોદરા સહિત સમગ્ર ગુજરાતના નોંધણી વિભાગના કર્મચારીઓએ પણ પડતર માગણીઓ મુદ્દે સરકાર સામે બાંયો ચડાવી છે. 'ગુજરાત રાજ્ય રજિસ્ટ્રેશન કર્મચારી મહામંડળ' દ્વારા પોતાની ૧૩ જેટલી મુખ્ય માગણીઓને લઈને ૧૨ ઓક્ટોબરથી તબક્કાવાર આંદોલનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સરકારે જો આ પડતર પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ નહીં આણ્યું તો આગામી ૨ નવેમ્બરથી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જશે. નોંધણી વિભાગના કર્મચારીઓમાં ઓનલાઈન કામગીરી માટે વપરાતા 'ગરવી' પોર્ટલની સતત સર્જાતી ટેકનિકલ ખામીઓને કારણે ભારે અસંતોષ વ્યાપેલો છે. ગરવી પોર્ટલની ત્રુટિઓને કારણે દસ્તાવેજ રજિસ્ટ્રેશનની પ્રક્રિયા વિલંબિત થાય છે અને સામાન્ય નાગરિકો સાથે ઘર્ષણની પરિસ્થિતિ ઊભી થાય છે.

આ ઉપરાંત, મિલકતના માલિકી હક અંગે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા વિવાદિત અને અવ્યવહારુ પરિપત્રો રદ કરવાની પણ કર્મચારી મંડળે જોરદાર માગ કરી છે. ઓડિટ ફકરાના આધારે કર્મચારીઓને આપવામાં આવતી કારણદર્શક નોટિસો તેમજ વહીવટી કનડગતથી કર્મચારીઓ ભારે માનસિક તણાવ અનુભવી રહ્યા છે. દસ્તાવેજ રજિસ્ટ્રેશન એ રાજ્ય સરકાર માટે મહેસૂલ મેળવવાનું એક અત્યંત મહત્વનું માધ્યમ છે. કર્મચારીઓ દ્વારા આંદોલનની શરૂઆત થતાં જ સબ-રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અને સ્ટેમ્પ ડ્યુટી સંબંધિત સેવાઓ પર વિપરીત અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે. જો આગામી ૨ નવેમ્બર સુધીમાં સરકાર અને મંડળ વચ્ચે કોઈ સકારાત્મક ઉકેલ નહીં આવે અને કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર જશે તો જમીન-મિલકતની ખરીદ-વેચાણ, ગીરો દસ્તાવેજો તથા અન્ય રજિસ્ટ્રેશનની કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ જશે. જેના કારણે એક તરફ આમ જનતાને ભારે હાલાકી ભોગવવી પડશે, તો બીજી તરફ રાજ્ય સરકારની તિજોરીને દૈનિક કરોડો રૂપિયાની આવકનું મોટું નુકસાન સહન કરવાનો વારો આવશે.

વડોદરાના માંજલપુરમાં બિલ્ડરની મનમાની

જાહેરમાં કચરો-ગંદુ પાણી છોડાતાં સ્થાનિકો પરેશાન, તંત્ર સામે સવાલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સફાઈ અને સ્વચ્છતા જાળવવાના નામે નાના રેંકડીધારકો, લારી ગલ્લાવાળાઓ અને સામાન્ય વેપારીઓ સામે સખ્તાઈ દાખવવામાં આવી રહી છે, પરંતુ બીજી બાજુ મોટા બિલ્ડરો સામે આંખ આડા કાન કરવામાં આવતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની આ બેવડી નીતિના કારણે સામાન્ય પ્રજા અને નાના વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૮ અંતર્ગત આવતા માંજલપુર વિસ્તારમાં સનસિટી સર્કલ પાસે આવેલા 'નિર્વાણા ધીન' બિલ્ડિંગના નિર્માણ



કાર્યને લઈને ગંભીર બેદરકારી સામે આવી છે. અહીં બિલ્ડર અને તેના દ્વારા રોકવામાં આવેલા મજૂરોની મન માનીના કારણે આસપાસના વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે. નિયમોને નેવે મૂકીને બિલ્ડિંગના મજૂરો માટે જાહેરમાં રોડ ઉપર જ શૌચાલય બનાવી દેવામાં આવ્યું છે, એટલું જ નહીં પરંતુ રસ્તા પર જ ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું છે અને કન્સ્ટ્રક્શનમાં વપરાયેલો અધૂરો તથા નકામો કચરો પણ સીધો જ રોડ પર ફેંકી દેવામાં આવ્યો છે. સ્થાનિક રહીશો અને નાગરિકોનો આક્ષેપ છે કે વડોદરા મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીઓ, બિલ્ડિંગ ઈન્સ્પેક્ટરો અને સંબંધિત વોર્ડના કર્મચારીઓની નજર સમક્ષ જ આ ગંદકી અને દબાણ થઈ રહ્યું છે, છતાં પણ આ મોટા બિલ્ડરો સામે કોઈ જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતી નથી. જ્યારે બીજી બાજુ, પાલિકા દ્વારા સામાન્ય લારી-ગલ્લા ધારકો કે નાના વેપારીઓ દ્વારા જો જરાય પણ ક્ષતિ રહી જાય તો તરત જ હજારો રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે અને કેટલીય દુકાનોને સીલ કરી દેવામાં આવે છે.

મહાનગરપાલિકામાં 'નો ટેન્ડર, નો વર્ક'

દિવાળી પહેલાં કોન્ટ્રાક્ટરો દ્વારા હડતાળની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

આગામી દિવાળીના તહેવારો પહેલાં વડોદરા મહાનગરપાલિકાના વિકાસકાર્યો પર સંકટના વાદળો ઘેરાયા છે. લાંબા સમયથી પડતર ચુકવણાં અને વિવિધ વહીવટી પ્રક્રિયાઓના ઉકેલ ન આવતાં નારાજ થયેલા કોન્ટ્રાક્ટરોએ આગામી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬થી હડતાળ પર ઊતરવાની જાહેરાત કરી છે. કોન્ટ્રાક્ટરોની આ ચીમકીથી શહેરમાં ચાલી રહેલાં રસ્તા, પાણી અને ડ્રેનેજ સહિતના નાગરિક સુવિધાના કામો સંપૂર્ણપણે અટકી જવાની ભીતિ સેવાઈ રહી છે. કોન્ટ્રાક્ટરોના જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લા બે વર્ષથી અધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર, સિટી એન્જિનિયર અને સંબંધિત વિભાગોમાં વારંવાર રજૂઆતો કરી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આપવામાં



આવેલી ખાતરી અને સામાન્ય સભાના ઠરાવ છતાં તેમના નાણાં ચૂકવવામાં આવ્યા નથી. તેમની મુખ્ય માગણીઓમાં કોવિડ સમયગાળાનું મળવાપાત્ર પ્રાઇસ એસ્કેલેશન અને વર્ષ ૨૦૨૨માં GSTનો દર ૧૨ ટકાથી વધીને ૧૮ ટકા થતાં ઉપસ્થિત થયેલા ૬ ટકાના તફાવતની રકમનું ચુકવણું કરવાનો સમાવેશ થાય છે. આ અંગે રાજ્ય સરકારના સ્પષ્ટ પરિપત્રો હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા ચુકવણું કરવામાં આવ્યું નથી.

કન્વીક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ સચોટ કાર્યવાહી

પોક્સો કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ, રૂ.૫૦ હજારનો દંડ પણ ફટકારાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.12

શહેરમાં ગંભીર ગુનાઓમાં આરોપીઓને સજા અપાવવાના હેતુથી હાથ ધરાયેલા 'કન્વીક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ' હેઠળ ગોરવા પોલીસને મહત્વપૂર્ણ સફળતા મળી છે. પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી શેરૂ ભા ઈ કાળુભાઈ પરમારને વડોદરાની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ દ્વારા 20 વર્ષની સખત કેદની સજા અને રૂ. 50 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. ગોરવા પોલીસની સચોટ તપાસ, પુરાવા અને સરકારી વકીલની ધારદાર દલીલોને પગલે આ ચુકાદો આવ્યો છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ ગંભીર ગુનાઓમાં આરોપીઓને સજા અપાવવા માટે પુરાવા સમયસર કોર્ટમાં રજૂ કરવા અને ટ્રાયલ ઝડપી પૂર્ણ થાય તે માટે સૂચનાઓ આપવામાં આવી હતી. ગોરવા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025માં નોંધાયેલા ગુનામાં દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાડલીયા ગામના રહેવાસી શેરૂ કાળુ પરમાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 137(2), 64(2)(એ), 65(1) તથા પોક્સોની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ અધિકારી પીઆઇ કે.એન. લાઠિયાની આગેવાનીમાં એ.એસ.આઈ. કલ્યાણસિંહ લાલાભા અને અ.હે.કો. ભરતભાઈ રાલાભાઈએ તપાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસે કેસમાં જરૂરી પુરાવા એકત્રિત કર્યા, ચેઈન ઓફ કસ્ટડી જાળવી રાખી અને એફએસએલનું પૃથક્કરણ કરાવી સમયસર ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ વડોદરાની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટમાં સ્પેશિયલ પોક્સો કેસ હેઠળ ટ્રાયલ ચલાવવામાં આવી હતી. સરકારી વકીલ એચ.આર. જોષીની અસરકારક રજૂઆત અને પોલીસ દ્વારા સમયસર પૂરી પાડવામાં આવેલી કેસલક્ષી મદદના આધારે કોર્ટ દ્વારા આરોપીને 20 વર્ષની સખત કેદ તથા રૂ. 50 હજારના દંડની સજા ફટકારવામા આવી હતી. ગંભીર ગુનાઓમાં વૈજ્ઞાનિક તપાસ, મજબૂત પુરાવા અને અસરકારક કોર્ટ કાર્યવાહી દ્વારા આરોપીઓને સજા અપાવવામાં ગોરવા પોલીસને સફળતા મળી છે.